## -ઃજાહેરનામું ઃ-

## ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને.૧૯૭૩ ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ

## હુકમ નંબર/વિ.શા/પરમીટ/ઓ.એસ. સેકશન/૩૭ /૨૦૧૬

અમદાવાદ શહેરમાં જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, બ્લોક-એ, પ્રથમ માળ બહુમાળી ભવન, વસ્ત્રાપુર, અમદાવાદ શહેરના પત્ર ક્રમાંકઃ જિશિઅ/પરિક્ષા/૨૦૧૬/૧૬૧૯-૨૩ તા.૦૧/૦૭/૨૦૧૬ અન્વયે ગુજરાત માધ્યમીક અને ઉ.મા.શિ.બોર્ડ,વડોદરા ધ્વારા તા.૦૮/૦૭/૨૦૧૬ થી યોજાનાર ધો.૧૦ ની પરીક્ષા જુદા જુદા.૮,કેંદ્રો, તથા જીલ્લા શિક્ષણાધિકારી, અમદાવાદ ગ્રામ્ય નાઓની કચેરીના પત્ર ક્રમાંકઃ અગ્રાવિ/પુરકપરિક્ષા/૨૦૧૬ તા.૩૦.૦૬.૨૦૧૬ અન્વયે ગુજરાત માધ્યમીક અને ઉ.મા.શિ. બોર્ડ,ગાંધીનગર ધ્વારા તા.૦૮/૦૭/૨૦૧૬ થી તા.૧૧/૦૭/૨૦૧૬ એસ.એસ.સી/એચ.એસ.સી.સા.પ્ર./વિ.પ્ર.ની પુરક પરીક્ષા શહેરના જુદા જુદા .૯ કેન્દ્રો ઉપરે ઉપર લેવાનાર છે. આ પરીક્ષાઓ દરમ્યાન પરીક્ષા કેન્દ્રોની આસપાસના વિસ્તારમાં સુલેહશાંતી જળવાઇ રહે અને પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી અને શાંત વાતાવરણમાં ભયમુકત રીતે પરીક્ષા આપી શકે તે માટે અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર હકુમત હેઠળમાં આવેલ ઉકત પરીક્ષાના કેન્દ્રોની આજુબાજુના ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં આવેલ ઝેરોક્ષ કેન્દ્રો, ઝેરોક્ષ દુકાનો તથા પરીક્ષા સ્થળોની આજુબાજુ મોટા મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા ઉપર તથા સક્ષમ અધિકારી સિવાયના તમામ માટે મોબાઇલ અને અન્ય ઇલેકટ્રોનીક મિડીયા/વિજાણુ ઉપકરણ લઇ જવા પર વિદ્યાર્થીઓ તથા શિક્ષકો માટે પ્રતિબંધ ફરમાવવા તેમજ પરીક્ષા કેન્દ્રની આજુબાજુના વિસ્તારને પ્રતિબંધીત વિસ્તાર જાહેર કરી નીચે મુજબના કૃત્યો કરવાનો પ્રતિબંધ ફરમાવવાનું પ્રવર્તમાન સંજોગોમાં આવશ્યક જણાય છે.

જેથી હું શિવાનંદ ઝા પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને.૧૯૭૩ ની કલમ ૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રુએ નીચે જણાવેલ વિસ્તાર પ્રતિબંધીત વિસ્તાર ફરમાવી તેમાં જણાવેલ કૃત્યો કરવાની મનાઇ ફરમાવું છું.

➢ **<u>પ્રતિબંધીત વિસ્તાર</u>**

(૧) પરીક્ષા કેન્દ્રની ચોતરફ ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલ તમામ મકાનો, જગ્યા, સ્થળ, વિસ્તાર.

(૨) ઝેરોક્ષ કેન્દ્રો/ઝેરોક્ષ દુકાનો માટે પરીક્ષા કેન્દ્રની ચોતરફ ૧ કિલોમીટરનો વિસ્તાર.

(૩) પરીક્ષા સ્થળની આજુબાજુ મોટા મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ ફરમાવવાં.

➢ **<u>પ્રતિબંધીત કૃત્યો</u>**

(૧) પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સંબંધીત કામગીરીમાં રોકાયેલ ફરજ ઉપરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઇપણ બિનઅધિકૃત માણસોએ પ્રતિબંધીત વિસ્તારમાં દાખલ થવું નહીં.

(૨) પરીક્ષા સ્થળો પર સક્ષમ અધિકારી સિવાયના તમામ માટે ઇલેકટ્રોનીક આઇટમ જેવી કે મોબાઇલ, ફોન, ઇલોકટ્રોનીક ડાયરી કે અન્ય ઇલોકટ્રોનીક મિડીયા/વિજાણુ ઉપકરણ વિદ્યાર્થીઓએ તથા શિક્ષકોએ લઇ જવા નહી.

(૩) વિધાર્થીઓની શાંતી અને લેખન કાર્યમાં અડચણ વિક્ષેપ ધ્યાનભંગ થાય તેવું કૃત્ય કરવું કે કરાવવું નહીં.

(૪) પરીક્ષા સ્થળે ચોરી કરવા/ચોરી કરાવવાના હેતુથી પુસ્તક, કાપલીઓ, ઝેરોક્ષ કરેલ નકલો લઇ જવી નહીં.

(૫) પ્રતિબંધીત વિસ્તારમાં આવેલ ઝેરોક્ષ નકલ કરવાના કેન્દ્રો, ઝેરોક્ષ મશીન, ફેકસ મશીન, પરીક્ષા સમયે ચાલુ રાખવા નહીં.

(૬) પરીક્ષા સ્થળો ઉપર ગેરરીતી થાય તેવું કોઇપણ પ્રકારનું સાધન લઇ દાખલ થવું નહીં.

(૭) પરીક્ષા સ્થળની આસપાસના પ્રતિબંધીત વિસ્તારમાં પાનબીડીના ગલ્લા તથા ચા, પાણીના કેન્દ્રો પરીક્ષા સમય દરમ્યાન ચાલુ રાખવા નહીં.

(૮) પ્રતિબંધીત વિસ્તારમાં ચાર (૪) કે તેથી વધુ વ્યકિતઓએ એકઠા થવું નહીં.

(૯) પ્રતિબંધીત વિસ્તારમાં જાહેર વાહન વ્યવહાર અવરોધાય તે રીતે વાહનો ઉભા રાખવા કે પાર્ક કરવા નહીં.

(૧૦) પોલીસ કર્મચારીઓ એ કોઇ અઘટીત ઘટના બને તે સિવાય પરીક્ષા/કેન્દ્રો મકાનની અંદર જવું નહી.

❖ <u>અપવાદ</u> ઃ આ હુકમ ફરજ પરના પોલીસદળ તથા હોમગાર્ડના માણસો તથા પરીક્ષા અનુસંધાને ફરજ ઉપર બોલાવેલ સરકારી કર્મચારીઓને લાગુ પડશે નહી.

**આ હુકમ તા.૦૮/૦૭/૨૦૧૬ થી તા.૧૧/૦૭/૨૦૧૬ સુધી દિન-૦૪ દરમ્યાન સ.ક.૦૮.૦૦ થી સાં.ક.૧૯.૦૦ સુધી અમલમાં રહેશે.**

આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ સને.૧૮૬૦ ના અધિનિયમ ૪૫ ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ ની જાહેરાત અમદાવાદ શહેરમાં લાઉડસ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાન પત્રો દ્વારા તથા જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી પ્રસિધ્ધ કરવી અને આકાશવાણી તેમજ દૂરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરાવવી.

**આજ તારીખ- ૭ માહે જુલાઇ સને ૨૦૧૬ ના રોજ મારી સહી અને સિકકો કરી આપ્યા.**

**<u>અમદાવાદ.</u>**

( શિવાનંદ ઝા )
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

❖ **<u>નકલ સવિનય રવાના ઃ-</u>**

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય ગૃહ વિભાગ, ગાંધીનગર.

(૨) પોલીસ મહાનિર્દેશક અને મુ.પો.અધિ.શ્રી ગુ.રા. ગાંધીનગર.

(૩) અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી (ઇન્ટે), ગુ.રા.ગાંધીનગર.

(૪) મ્યુનિસિપલ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર.

(૫) કલેકટરશ્રી અમદાવાદ શહેર.